અપીલ અરજી નં.૧૬૯/ ૦૮–૦૯ તા. ૧૬–૯–૦૮

અરજદાર: શાસ્ત્રી ગોવર્ધનેશ વી. જોશી
સામાવાળા:– ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમશહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન, ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન, ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તેમજ વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

## *હુકમ:–*

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શાસ્ત્રી ગોવર્ધનેશ વી. જોશીની તા.૩૧–૭–૦૮ ની અરજીથી ઝોનલચીફ શ્રી દારૂવાલાની શૈક્ષણિક લાયકાત વિગેરે મુદ્દા નં.૧ થી ૧૭ અંગે માહિતી પૂરી પાડવા બાબત.
***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૬–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૬૯/૨૦૦૮–૦૯

શાસ્ત્રી ગોવર્ધનેશ વી. જોશીની તા.૩૧–૭–૦૮ ની અરજીથી ઝોનલચીફ શ્રી દારૂવાલાની શૈક્ષણિક લાયકાત વિગેરે મુદ્દા નં.૧ થી ૧ ૭ અંગે માહિતી પૂરી પાડવા બાબતે કોઈ પણ પ્રત્યુત્તર ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૭૨ તા.૨૨–૯–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ)તથા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને ડે.કમિશ્નર (પઅનઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી જીએડી/ઈએસટી/આ.નં.૨૬૦૩ તા.૩૦–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૩૧–૭–૦૮ ની આઈ ડી.નં.૧૩૭ આરટીઆઈ/વે.ઝોન/૭૯ તા.૮–૮–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) ને તબદીલ કરવામાં આવેલ. તેમની કક્ષાએથી નં.જીએડી/ઈએસટી/૨૪૮૯ તા.૨૪–૯–૦૮ ના રોજ અરજદારને માહિતી પૂરી પાડેલ પત્રની નકલ અત્રે રજૂ કરવામાં આવેલ. મુદ્દા નં.૨ અંગે આંશિક માહિતી માટે જીએડી/ઈએસટી/૨૪૯૦ તા.૨૪–૯–૦૮ ના રોજ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને તબદીલ કરેલ છે. મુદ્દા નં.૬ માટેજીએડી/ઈએસટી/૨૪૯૧ તા.૨૪–૯–૦૮થી જાહેર માહિતી અધિકારી કલેકટર કચેરી ફરીયાદ નિવારણ વિભાગ સુરતને તબદીલ કરેલ છે. મુદ્દા નં.૭ માટે જીએડી/ઈએસટી/ ૨૪૯૩ તા.૨૪–૯–૦૮ ના રોજ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે. ડાયરેકટર ઓફ પ્લાનીંગ કક્ષાએથી આંશિક માહિતી માટે ટીડીઓ/૩૦૨૨ તા.૭–૧૦–૦૮ થી વરાછાઝોન તથા લીંબાયત ઝોનને તબદીલ કરવામાં આવેલ છે. મુદ્દા નં.૮ અને ૧૫ માટે વેસ્ટઝોનને લાગત હોઈ અને મુળ અરજી ત્યાંથી તબદીલ થયેલ હોઈ તેને તબદીલ કરેલ નથી. આ સિવાયની અન્ય માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.મુદ્દા નં.૧૨ અંગે નં.આરટીઆઈ સ ેલ/૬૪૧ તા.૧૦–૧૦–૦૮ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર વિભાગને પત્ર પાઠવવામાં આવેલ છે.ડે.કમિશ્નર (પઅનેઈ) નો પત્ર નં.જીએડી/ઈએસટી/૨૪૮૯ તા.૨૪–૯–૦૮ થી અરજદારને જે માહિતી પૂરી પાડેલ છે આપના તરફથી આરટીઆઈ એકટની કલમ–૧૧ મુજબની કાર્યવાહી અનુસાર જે માહિતી અરજદારને પૂરી પાડવાની થાય છે તેની રેકર્ડની નકલો પૂરી પડાયેલ જણાતી નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૩૧–૭–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી અરજદારને નહીં પૂરી પડાયેલ માહિતી મુદ્દા નં.૨ અંગે શહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન,મુદ્દા નં.૭ અંગે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન, મુદ્દા નં.૮ અને ૧૫ માટે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તેમજ મુદ્દા નં.૧૨ અંગે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી અન્ય મુદ્દાઓ અંગે ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીએ અરજદારને રેકર્ડની માહિતી નકલો પૂરી પડાયેલ જણાતી નથી જે પૂરી પાડવા આરટીઆઈ કાયદાની નિયમ અને જોગવાઈને અનુસરી કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમશહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન, ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન, ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તેમજ વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી.......... જાણ તથા અમલ માટે.
(૨) શાસ્ત્રી ગોવર્ધનેશ વી. જોષી,